# લિંબડીયા પુલ પાસે થયેલી આંગડીયા લૂંટનો ભેદ ઉકેલાયો

**પોલીસે રુ.૨૨.૧૧ લાખમાંથી રુ.૧૦ લાખ રિકવર કર્યા : લુંટમાં વપરાયેલી જીપ અને ઇનોવા સાથે છ શખ્સોની ધરપકડઃ મુખ્ય સુત્રધાર જીતેન્દ્ર પટેલ સહિત બે હજુ વોન્ટેડ : જીતેન્દ્રએ પોતાની ઓળખ પોલીસ તરીકેની આપીને એક આરોપીને પકડવાનુ ઓપરેશન પાર પાડવાનુ કહી મદદ લીધી હોવાની લુંટારુઓની કેફિયત**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક લીંબડીયા કેનાલનાં પુલ પરથી પસાર થઈ રહેલી લકઝરીને આંતરીને એક આંગડીયા કર્મીનુ અપહરણ કરી રુ. ૨૨.૧૧ લાખની લુંટ થવા પામી હતી. આ ગુનાની મહત્વની કડીઓ મેળવીને ડભોડા પોલીસ તથા ટીમે આજે ચકચારી આંગડીયા લુંટનો ભેદ ઉકેલી નાંખ્યો છે. પોલીસે લુંટમાં વપરાયેલી જીપ અને ઈનોવા જપ્ત કર્યા ઉપરાંત રુ.૧૦ લાખ રોકડા રિકવર કરી લઈ લુંટારુ ટોળકીના છ સાગરીતોને દબોચી લીધા છે. મુખ્ય સુત્રધાર જીતેન્દ્ર પટેલ તથા અન્ય એક સાગરીત હજુ ફરાર છે. બાકીના રુપીયા તેની પાસે હોવાનુ જાણવા મળ્યુ છે. પોલીસે આરોપીઓને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે. લુંટનો પ્લાન કરનાર મુખ્ય સુત્રધાર જીતેન્દ્રએ પોતાની ઓળખ પોલીસ તરીકેની આપીને એક આરોપીને પકડવાનુ ઓપરેશન પાર પાડવાનુ કહી મદદ લીધી હોવાની કેફિયત હાલ પકડાયેલા લુંટારુઓ આપી રહ્યા છે. પોલીસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

મહેસાણાનાં વિજાપુર તાલુકાનાં કોલવડા ગામે રહેતા વિક્રમજી કુંવરજી ઠાકોર ઈશ્વરભાઈ સોમાભાઈ પટેલ આંગડીયા પેઢીમાં રસોઈયો છે. આંગડીયા પેઢીની ઉદેપુર શાખામાંથી અમદાવાદ શાખામાં રુપિયા લઈ જવા માટે વિક્રમભાઈ ઈગલ ટ્રાવેલ્સની લકઝરીમાં ઉદેપુરથી બેઠા હતા. બુધવારે વહેલી સવારે ચાર વાગ્યે લકઝરી બસ લીંબડીયા કેનાલના પુલ પર પહોંચી ત્યારે એક મેક્સ જીપના ડ્રાઈવરે લકઝરીને આંતરીને ઉભી રખાવી દીધી હતી. જીપમાંથી ડ્રાઈવર તથા જીતેન્દ્ર પટેલ નામનો શખ્સ ઉપરાંત અન્ય ચાર શખ્સો લાકડીઓ લઈને ઉતર્યા અને લકઝરીમાં ચઢી ગયા હતા. પોતે ક્રાઈમ બ્રાન્ચમાથી આવ્યા હોવાનુ કહીને વિક્રમજી પાસે જઈ કોલર પકડીને ઉપાડી તેનુ અપહરણ કરી આ ટોળકી અલગ અલગ જગ્યાઓ પર ફરી હતી. ત્યાર બાદ હાઈવે થઈને રાજપીપળા ગયા બાદ જીપમાંથી અપહ્યુતને ઉતારી એક ઈનોવા ગાડીમાં બેસાડી તેમા ફેરવ્યો હતો અને આખરે તેની પાસે રહેલી રુ.૨૨.૧૧ લાખ રોકડ ભરેલી બેગને લુંટીને તેને ઉતારી દઈ ટોળકી રફ્ફુચક્કર થઈ ગઈ હતી. આ મામલે આંગડીયા કર્મીની ફરીયાદને આધારે ડભોડા પોલીસે લુંટારુ ટોળકી સામે ગુનો નોંધીને ઉંડી તપાસ આરંભી છે. એસ.પી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ડીવીઝનનાં ડીવાયએસપી વિજય પટેલે આ આંગડીયા લુંટનો ભેદ ઉકેલવા માટે પાંચ ટીમો બનાવી બારડોલી, સુરત, શામળાજી, મુંબઈ સહિતના સ્થળોએ મહિતી મુજબ તપાસ શરુ કરાવી હતી. ટોલ પ્લાઝાના સીસીટીવી કેમેરા તથા ટેક્નીકલ સર્વેલન્સની મદદ લઈ આંગડીયા લુંટનો ભેદ ઉકેલવામાં આખરે સફળતા મળવા પામી છે. પીએસઆઈ એન.એમ.ચૌધરી તથા ટીમે લુંટારુ ટોળકીનાં આઠ પૈકી છ સાગરીતોને પકડી પાડ્યા છે. પોલીસે અરવલ્લી જીલ્લાનાં ભીલોડા તાલુકાનાં દહેગામડા ગામનાં સિકંદર વિશ્રામ અસારી, સુરેન્દ્ર વિક્રમ જાડેજા, જયપાલ કિર્તી જાડેજા અને પ્રદિપ નાથુ જાડેજા તથા બારડોલીનાં શૈલેષ ચંપક ધનગર અને ચંદ્રકાન્ત પ્રવિણ પટેલ મળીને છ શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી છે.

આ લુંટને અંજામ આપવા પ્લાન બનાવનાર મેઢાસણનો જીતેન્દ્ર સી પટેલ અને મુંબઈનો પ્રભાકર શેટ્ટી બે શખ્સો હજુ ફરાર છે. બંને શખ્સોની ધરપકડ બાદ આ આંગડીયા લુંટમાં મોટો ખુલાસો થાય તેવી શક્યતા છે. પકડાયેલા આરોપીઓ પોલીસ સમક્ષ કેફીયત આપી રહ્યા છે કે જીતેન્દ્ર પટેલ નામના શખ્સે પોતાની ઓળખ તેમની સમક્ષ પણ ક્રાઈમ બ્રાંચનાં પોલીસ અધિકારીની જ આપી હતી અને એક આરોપીને પકડવા માટેનુ ઓપરેશન હોવાથી સાથ માંગ્યો હતો. જો કે તે દિશામાં પણ પોલીસે તપાસ શરુ કરી છે. પકડાયેલા આરોપીઓને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરવામાં આવી છે.

## ફરિયાદ પાછી ખેંચાવા જીતેન્દ્રના માણસે આંગડીયાનો સંપર્ક સાધ્યો : ૧૦ લાખ પરત મોકલાવ્યા

આંગડીયા કર્મીનુ અપહરણ કર્યા બાદ રુ.૨૨.૧૧ લાખની લુંટ કરીને મુખ્ય સુત્રધાર જીતેન્દ્રની નજર પોલીસ ફરિયાદ થઈ કે નહિ તેના પર હતી. કદાચ જીતેન્દ્રને એવુ હતુ કે આંગડીયા પેઢીનાં બિનહિસાબી રુપીયા લુંટાશે તો ફરિયાદ નહી થાય. પરંતુ ફરિયાદ દાખલ થઈ એવુ જાણવા મળ્યા બાદ જીતેન્દ્રના માણસે આંગડીયા પેઢીના માલીકનો સંપર્ક કર્યો હતો અને ફરિયાદ પાછી ખેંચી લો રુપિયા પરત કરી દઈશુ તેવી ઓફર મુકી હતી. તેની સ્યોરિટી માટે મુંબઈની એક આંગડીયા પેઢી મારફતે જીતેન્દ્રએ રુ.૨૨.૧૧ પૈકી રુ.૧૦ લાખ ઈશ્વરભાઈ સોમાભાઈ આંગડીયામાં મોકલાવ્યા હતા. આ રુપિયા પોલીસે રિકવર કર્યા છે.

# વરસાદના વિઘ્નથી ખેલૈયાઓ આયોજકોમાં ફેલાયેલી નિરાશા

**નવરાત્રીના પ્રથમ દિવસથી જ ગરબા શરૂ થવાના સમયે ત્રાટકતો વરસાદ રંગમાં ભંગ પાડે છે : સતત ત્રણ દિવસથી ઉચાટભર્યુ વાતાવરણ**

ગાંધીનગર, તા. ૩

આખો ભાદરવો મહિનો વરસાદ ન પડ્યો અને આખરે નવરાત્રી શરૂ થતાં જ વરસાદે તડાપીડ બોલાવતા ખેલૈયાઓ અને આયોજકો નિરાશ થયા છે. ખેલૈયાઓ દરરોજ આકાશ સામે નજર કરી વરસાદનું વિઘ્ન ન નડે તેવી પ્રાર્થના કરે છે.

વરસાદ હવે જતો રહ્યો છે તેવુ માની બેઠેલા સૌને અચાનક આવી ચઢેલા વરસાદે આંચકો આપ્યો હતુ. પરંતુ સતત બીજા દિવસે પણ વરસાદનુ વિઘ્ન નડતા ખેલૈયાઓ અને આયોજકો નિરાશ થયા છે. સવારથી જ ખેલૈયાઓ અને આયોજકો આકાશ સામે જોતા રહે છે. ક્યાં ક્યાં વરસાદ પડ્યો તેની માહિતી મેળવી લેવાય છે. ઘણા દિવસો અગાઉ નવરાત્રીમાં ગરબે ઘુમવાની તૈયારી કરી રહેલા ખેલૈયાઓના રંગમાં વરસાદે ભંગ પાડ્યો છે. ખેલૈયાઓ તો ચાલુ વરસાદે પણ ગરબે ઘુમવા તૈયાર છે. પરંતુ મોંઘી સાઉન્ડ સિસ્ટમ



અને અન્ય ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓને નુકશાન થવાની આશંકાએ આયોજકો વરસાદમાં ગરબા ચાલુ રાખવાનુ મુનાસિબ માનતા નથી. વરસાદ પડવાનો શરૂ થાય કે તુરંત જ ગરબા બંધ કરી દેવા પડે છે. વરસાદ પડતા આયોજકોને પણ નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે. હજુ આગામી દિવસોમાં પણ ઝાંપટા ચાલુ રહેશે તેવી આગાહીના પગલે સૌ કોઈ ઉચાટભર્યો દિવસ પસાર કરે છે.

છે. નવરાત્રી શરૂ થાય તે પહેલા બે-ત્રણ દિવસ અગાઉ તો એટલો બધો તડકો અને ગરમી પડી હતી કે એવુ જ લાગતુ હતુ કે હવે વરસાદ નહી જ આવે. આ બધી જ માન્યતાઓને માત્ર થોડીક જ ક્ષણોમાં વરસાદે તોડી નાંખી હતી. નવરાત્રીના પ્રથમ જ દિવસથી વરસાદે રીતસર તડાપીડ બોલાવી છે. હજુ તો ગરબા શરૂ થયા હોય ત્યાં જ વરસાદ પડવાનો પ્રારંભ થઈ જાય છે. પ્રથમ દિવસે તો ખેલૈયાઓએ મન મનાવી લીધુ

# બે વર્ષથી વોન્ટેડ હત્યારો આખરે ઝડપાયો

**દહેગામનાં કણભા ગામે પાણી મામલે તકરાર થતા પડોશીની હત્યા કરી નાંખી હતી**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જીલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી નાસતા ફરતા આરોપીઓ પકડવા એલસીબીની ટીમ સક્રિય થઈ છે ત્યારે આજે પી.આઈ આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ આર.એન.વાઘેલા તથા સ્ટાફે મળીને બે વર્ષથી વોન્ટેડ હત્યાના ગુનાના આરોપીને દબોચી લીધો છે.

બે વર્ષ અગાઉ દહેગામના કણભા ગામમાં પાણી મામલે પડોશી સાથે તકરાર થતા સુખદેવ ઘુમસિંહ ચિકલીગર તથા અન્ય શખ્સોએ મળીને પડોશીની હત્યા કરી નાંખી હતી.



દહેગામ પોલીસ મથકમાં આ મામલે આઈપીસી કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૩૭, ૩૦૨ અને જીપી એક્ટ ૧૩૫ હેઠળ ગુનો નોંધાયો હતો. આ ગુનામાં હરિયાણા સોનીપાટ વિસ્તારનો સુખદેવ ઘુમસિંહ ચિકલીગર બે વર્ષથી નાસતો ફરતો હતો. હત્યા કર્યા બાદ દિલ્હી ભાગી ગયેલો આ શખ્સ દહેગામ આવ્યો હોવાની બાતમીને આધારે આજે એલ.સી.બીની ટીમે વોચ ગોઠવીને દહેગામ કણભા બસ સ્ટેન્ડ પાસેથી પકડી લીધો છે અને વધુ કાર્યવાહી માટે દહેગામ પોલીસને સોંપવા તજવીજ શરુ કરી છે.

## લેહ પહોંચ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જવાનો અને બીએસએફના જવાનો જડબાતોડ જવાબ આપી રહ્યા છે. પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર યુદ્ધ વિરામનો સતત ભંગ કરવામાં આવી રહ્યો છે. એકબાજુ પાકિસ્તાન ભારત સાથે ફરીવાર સંબંધ સુધારવાની વાત કરી રહ્યું છે ત્યારે બીજી બાજુ અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર યુદ્ધ વિરામનો ભંગ કરાઈ રહ્યો છે. જમ્મુ-કાશ્મીરમાં જનજીવનને સામાન્ય બનાવવા કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોના ભાગરુપે રાજનાથસિંહ પહોંચ્યા છે. સેનાએ હાલમાં જ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં જોરદાર કમાંન્ડો ઓપરેશન હાથ ધરીને સાત ત્રાસવાદી કેમ્પને ફૂંકી માર્યા હતા. સાથે સાથે ૪૦થી વધુ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. બીજી બાજુ એવું પણ જાણવા મળી રહ્યું છે કે અંકુશરેખા પર ભારતની સર્જિકલ સ્ટ્રાઈક બાદ પાકિસ્તાન સાથેની સરહદ સાથે જોડાયેલા તમામ રાજ્ય હાઈએલર્ટ ઉપર છે. મલ્ટી એજન્સી સેન્ટર દ્વારા ગુજરાત સહિત તમામ સરહદી રાજ્યોને ચેતવણી આપતા કહ્યું છે કે પાકિસ્તાનમાં કરાંચીમાંથી નીકળેલી બે શંકાસ્પદ બોટ ગુજરાત અને મહારાષ્ટ્રની તરફ વધી રહી છે.

## વ્યાજદર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે કેટલાક નિષ્ણાંત હજ માને છે કે વ્યાજદર યથાવત રહેશે. ઓગષ્ટમાં રીટેલ ફુગાવો પાંચ મહિનાની નીચી સપાટી પર હાલમાં પહોંચ્યો છે. તે ૫.૦૫ ટકા ચોક્કસપણે છે પરંતુ ડબલ્યુપીઆઈ ફુગાવો બે વર્ષની ઉંચી સપાટી પર એટલે કે ૩.૭૪ ટકાની સપાટી પર પહોંચી ગયો છે. રિટેલ ફુગાવાના આધાર પર રિઝર્વ બેંક વ્યાજદર નક્કી કરે છે. ઓગષ્ટ મહિનામાં રિટેલ અને સાથે સાથે હોલસેલ ફુગાવામાં ઘટાટો થયો તે પહેલા એવા સંકેત મળ્યા હતા કે ભાવ હજુ વધી શકે છે. સરકારે ઓગષ્ટ મહિનામાં કહ્યુ હતુ કે ચાર ટકાના ફુગાવા માટે ટાર્ગેટ છે. આગામી પાંચ વર્ષમાં બે ટકા સુધી પ્લસ માઈનસ થઈ શકે છે. સપ્ટેમ્બર મહિનામાં ઉર્જિત પટેલે રઘુરામ રાજન પાસેથી આરબીઆઈના વડા તરીકેનો હોદ્દો સંભાળી લીધો હતો. યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર અરૂણ તિવારી પણ કહી ચુક્યા છે કે આરબીઆઈ હાલમાં વ્યાજદરમાં કોઈ ફેરફાર કરશે નહી. નવા ગવર્નર પાસેથી તેમની અપેક્ષા અંગે પુછવામાં આવતા તેમણે કહ્યુ હતુ કે નોન પર્ફોર્મિંગ સંપત્તિને લઈને કેટલાક નવા પગલા જાહેર કરવામાં આવી શકે છે.

## કલાગુરૂ તરીકે સન્માન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સમારોહ અંતર્ગત લોકનૃત્યના ક્ષેત્રમાં આ સન્માન પ્રાપ્ત કરનારા તેઓ એકમાત્ર કલાકાર હતા. સોમવારે સવારે ૧૦.૩૦ કલાકે સંસ્કારભારતી અને ગુજરાત કૉમર્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ ખાતે આયોજિત સમારોહમાં પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદી, સંસ્કારભારતીના અખિલ ભારતીય સંરક્ષક યોગેન્દ્રજી તથા સંસ્કારભારતી, ગુજરાત પ્રાંતના અધ્યક્ષ રાજુજી પરમારના હસ્તે ભાવિન પટેલને આ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું.

ભાવિન પટેલ પનઘટ કલાકેન્દ્રના સંચાલક, કોરિયોગ્રાફર તરીકે ગાંધીનગર શહેરમાં વર્ષોથી કાર્યરત છે અને દેશનાં અનેક રાજ્યોમાં તેમણે ગુજરાતી સંસ્કૃતિની મહેંક પોતાની યુવા કાબેલ ટીમના માધ્યમથી પ્રસરાવી છે. રાષ્ટ્રપતિ ભવન સુધી પણ ગુજરાતી સંસ્કૃતિની મહેંક લઈ જનારા ગરવા કલાકારોમાં તેમનું નામ છે. ભાવિન પટેલને આ સન્માન પ્રાપ્ત થતાં ગાંધીનગરના કલા જગતે ગૌરવ અનુભવી તેમના પ્રતિ અભિનંદનનો પ્રવાહ વહાવ્યો છે.

## ગાબડા પુરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત ફુટપાથના ગાબડા પુરવા માટે પણ સર્વે હાથ ધરવામાં આવ્યો છે. માર્ગોની આસપાસ કંગાળ બનતી ફુટપાથને સોહામણી બનાવવા માટે તંત્ર દ્વારા વોક વે ના સમારકામ તેમજ રંગરોગાન માટે પણ વિભાગને દરખાસ્ત કરી દેવામાં આવી છે. આગામી સમયમાં રોડ ફર્નિચરની સાથે ફુટપાથને યોગ્ય કરવાનુ કામ પણ શરૂ કરી દેવાશે.

## સંયુક્ત બેઠક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમન્વય બેઠકના નામાભિધામ સાથે મળનાર આ બેઠક પૂર્વે દરેક શાખા પાસેથી ત્રણ થી ચાર મુદ્દાઓ અને તેમાં તલાટીઓની કામગીરી તે અંગેની વિગતો માંગવામાં આવી હતી. પંચાયતના સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બેઠકને અંતે તંત્ર લક્ષ્યાંકો તૈયાર કરી તેના અમલીકરણનો રોડમેપ તૈયાર કરશે અને તેની દર માસિક બેઠકમાં સમીક્ષા થશે.

## રમઝટ જામી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે રાત્રિના વરસાદ વરસતા ગરબાના રંગમાં ભંગ પડયો હતો. પ્રથમ નોરતાની રાત્રે વરસાદી ઝાપટાએ ચોમેર પાણી પાણી કરી દેતા સમય મર્યાદા પુર્વે જ આયોજકોએ ગરબા બંધ કરી દેવાનો વારો આવ્યો હતો. જયારે ગરબા મેદાનમાંથી પાણી ઉલેચવામાં પણ આયોજકોને નાકે દમ આવી ગયો હતો. પરંતુ પ્રથમ રાત્રે વરસાદી ઝાપટા બાદ પણ વાદળિયુ વાતાવરણ યથાવત રહેતા નવરાતની ઉજવણી સામે મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે. હરખભેર ગરબે ઘુમવા થનગનતા ખૈલેયાઓ ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. નવરાતના બીજા દિવસે પણ રાત્રિના અસહ્ય ઉકળાટ વચ્ચે વરસાદી છાંટણા પડયા હતા. જો કે સદનસીબે ગરબામાં વિક્ષેપ પડયો ન હતો. પ્રથમ નોરતે વરસાદે ગરબાની મજા બગાડી હતી. પરંતુ બીજા દિવસે કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં આકરા ઉકળાટમાં પણ ખૈલેયાઓ મુડમાં જોવા મળ્યા હતા. નવરાત પર્વની સૌ કોઈ આખુ વર્ષ રાહ જોતા હાય છે. ત્યારે ગરબાપ્રેમીઓમાં ગરબે ઘુમવાનો ઉત્સાહ પણ વિશેષ જોવા મળે છે. પરંતુ બરાબર નવરાતના ટાંણે જ વરસાદ વિલન બનીને ખાબકતા ખૈલેયાઓમાં ભય પ્રવર્તયો છે. આજે પણ દિવસ દરમિયાન વરસાદી વાદળો ઘેરાયેલા જોવા મળ્યા હતા. જયારે સાંજ ઢળતા વાતાવરણમાં પણ પલ્ટો જોવા મળ્યો હતો. નવરાતના ઓવારણા લેવા માટે ખૈલેયાઓએ પણ મહીનાઓ સુધી ગરબાની પ્રેકટીસ કરી અવનવા સ્ટેપ્સ તૈયાર કર્યા છે. જયારે ભાતીગળ વસ્ત્રો તૈયાર કરવા માટે પણ તોતિંગ ખર્ચ કર્યો છે. ગરબાના આયોજકોએ પણ રાત દિવસ એક કરીને તૈયારી કરી છે. આકરી મહેનત અને તોતિંગ ખર્ચના અંતે ભવ્ય ગરબા મેદાન તૈયાર કરાયુ છે. આવા સંજોગોમાં નવરાત મહોત્સવની ઉજવણી ટાંણે આકાશમો રોજ બરોજ મંડરાતા વરસાદી વાદળોનુ દ્રશ્ય સૌ કોઈની આંખમાં ખુંચતુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

## ક્ષણના ચણીબોર ● ૪ પાનાનું ચાલુ...

વાત સુંદર શબ્દોમાં લખી છે.
નમ્રતામાં ચન્દ્ર તો
ગૌરવ મહીં સૂરજ હતો,
સ્નેહમાં સાગર હતો,
સંયમ મહીં પંકજ હતો.
એમ તો કંઈ કેટલી
ઉપમા તને આપી શકાય,
આટલું શું બસ નથી –
ઈન્સાનોમાં એકજ હતો !

ગાંધીજીના શબ્દોમાં સ્પષ્ટતા તથા ભાષામાં પ્રવાહી સરળતાના કારણે લોકોને સમજાવવી મુશ્કેલ જણાતી હોય તેવી વાત પણ સામાન્ય લોકો સુધી પહોંચી શકતી હતી. ગુજરાત સાહિત્ય પરિષદના યાદગાર અધિવેશનમાં કવિગુરુ ટાગોરની ઉપસ્થિતિ સમગ્ર સભાને એક અનેરુ ગૌરવ અપાવનારી બની રહી હતી. ટાગોરે અંગ્રેજીમાં પ્રવચન કર્યું. એકતો કવિગુરુની સાહિત્યકાર તરીકેની હીમાલય સમાન પ્રતિભા અને તેમાંયે સાહિત્ય પરિષદમાં તેમનું મનનીય વક્તવ્ય અંગ્રેજી ભાષામાં થયું એટલે ભાવકોએ માંગણી કરી : આ પ્રવચનનું ગુજરાતીમાં ભાષાંતર સંભળાવો. કવિગુરુની આ વાણીનું ભાષાંતર અશક્ય છે તેમ સાહિત્યકારોને લાગ્યું. આ પડકાર પણ કોશ ચલાવનાર કિસાનને સમજાય તેવું સરળ સાહિત્ય રચવાની હિમાયત કરનાર મહાત્માએ સ્વેચ્છાએ ઝીલી લીધો. ગાંધીજીએ પરિષદની સભામાં ટાગોરના પ્રવચનનો ગુજરાતી તરજુમો રજુ કર્યો. ગાંધીનું ભાષાંતર કવિગુરુના ભાવમય તથા ચિંતનયુક્ત શબ્દોને જનસામાન્યને સમજાય તેવી સરળ ભાષામાં રજૂ કરતું હતું. આ ઘટનાનો સંદર્ભ આપીને શ્રી ઝવેરચંદ મેઘાણી લખે છે કે તળપદી લોકવાણીના મજબૂત સહારે ગાંધી અશક્યને પણ શક્ય બનાવે છે. સાહિત્યમાં પણ ગાંધીગીરીના જ્વલંત દસ્તાવેજ સમાન આ ઘટના છે.

નારાયણ દેસાઈએ લખ્યું છે તેમ ગાંધીનું જીવન એક ભવ્ય તથા ઉજ્વળ અસફળતાની કહાની સમાન છે. જો કે આ યાત્રા કારુણ્યમૂર્તિ બુધ્ધ તથા ભગવાન ઈસુની જીવનયાત્રાની જેમ કદાચ અસફળ હોય તો પણ તેના થકી માનવતાના તથા કરુણા સભર સ્નેહના સર્વોચ્ચ દર્શન થયા છે. બાપુએ એક નૂતન ઈતિહાસનું સર્જન કર્યું. જગત આજે પણ તેનું સન્માન કરે છે.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો
કપલ / ફેમીલી ટુર
આંદામાન
હેવલોક - નીલ - બારાટાંગ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | કાશ્મીર પહેલગામ-ગુલમર્ગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | કુર્ગ-કબિની વાયનાડ-હસન | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી | સ્વતંત્ર પેકેજ હોટલ એર બુકીંગ
નૂતન ટ્રાવેલ્સ Since 1951 26562324/22 9427455274 9408643756
કરીશ્મા, સ્ટેડીયમસર્કલ, સી.જી. રોડ, અમદાવાદ

રક્તદાન મહાદાન

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ